## જન્મદિને વધામણી



શીતલબેન રમેશભાઈ પરમાર



જયનીલ જયેશકુમાર જોષી

# એસ જી અને એસ વી શાળા દ્વારા સમગ્રલક્ષી આયોજનનું પ્રેઝન્ટેશન



એસજી અને એસવી પ્રાથમિક શાળા દ્વારા એલડીઆરપી યુનિવર્સિટીમાં આઈક્યુએસી કાર્યક્રમ અંતર્ગત શાળાની ગુણવત્તા જાળવણી અને સુધારણા માટે વર્ષની અભ્યાસલક્ષી, ઈતર પ્રવૃત્તિઓનું આયોજન અને શાળાની ઉન્નતિ માટેના બહુમુખી વિકાસ અંગે ઉચ્ચ કોટિના માપદંડ સાથે સંસ્થાના ચેરમેન અને વાલી મંડળ સમક્ષ શિક્ષક નિખિલભાઈએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. આચાર્ય મિલિ સિંઘના માર્ગદર્શન હેઠળ આ પ્રેઝન્ટેશન સફળ રહ્યું હતું.

# પ્રેરણા વિદ્યાલયમાં લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા. ૨

સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં લોકશાહી ઢબે વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી યોજવામાં આવી હતી.

આ ચૂંટણીમાં શાળાના દરેક વિદ્યાર્થીએ મતદાન કર્યું હતું અને વર્ગ પ્રતિનિધિઓએ મતદાન કરી જીએસ તથા એલઆરને ચૂંટી કાઢ્યાં હતાં.

ચૂંટણી કમિશનર તરીકે શિક્ષક પ્રિયંકાબેન શિકારી તથા ઈન્દ્રરાજકુંવરબા પુવારે ભૂમિકા ભજવી હતી. ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા, ઉમેદવારીપત્રો ભરવા, ચકાસણી કરવા તેમજ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની વિગતવાર માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ચૂંટણી માટે વિદ્યાર્થીઓએ જોરશોરથી પ્રચાર-પ્રસારનું કામ પણ સ્વયં કર્યું હતું.

વર્ગપ્રતિનિધિ તરીકે ધોરણ-૮માં ક્રિશ દૂધરેજીયા, પ્રાચી દરજી, ધોરણ-૯માં રૂદ્ર દવે, માનસી સુથાર, ધોરણ-૧૦માં સુરેશ ભરવાડ, હેલી શાહ, ધોરણ-૧૧ કોમર્સમાં હર્ષદ પરમાર, પ્રાચી દિશાવાલા, ધોરણ-૧૧ આટ્ર્સમાં હાર્દિક મોલડિયા, હેમાંગિની ડાભી, ધોરણ-૧૨ આટ્ર્સમાં રાજદીપ વાઘેલા, રસના ઠાકોર અને ધોરણ-૧૨ કોમર્સમાં જયેન્દ્રસિંહ વાઘેલા, અંકિતા વાઘેલા ચૂંટાઈ આવ્યાં હતાં.

આ વર્ગ પ્રતિનિધિઓ દ્વારા યોજવામાં આવેલી ચૂંટણીમાં જીએસ તરીકે જયેન્દ્રસિંહ વાઘેલા અને એલઆર તરીકે અંકિતા વાઘેલા ચૂંટાઈ આવ્યાં હતાં.

વિજેતા થયેલા તમામ વિદ્યાર્થી પ્રતિનિધિઓને શપથ પણ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા અને તેમના મંત્રીમંડળની રચના પણ કરવામાં આવી હતી. ચૂંટણીમાં ભાગ લેનારા, મતદાન કરનારા તથા વિજેતા બનનારા તમામ વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા આ ખેલદિલ ચૂંટણી માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં ૫૦૦થી વધારે રોપાંનું આરોપણ કરવામાં આવ્યું હતું. ધોળવણી છાપરા શાળાના પ્રાંગણમાં ૨૫૦થી વધુ રોપાં રોપવામાં આવ્યાં હતાં. ઉપરાંત, મઠ પાલુન્દ્રામાં ૬૦ રોપાં લગાવાયાં હતાં અને શામળપુરમાં ૧૨૫ વિદ્યાર્થીઓને એક-એક રોપાની ભેટ ધરવામાં આવી હતી. આ રોપાંમાં શેતૂર, જાંબુ, આસોપાલવ, તુલસી, વિવિધ ફૂલોનાં રોપાં સામેલ હતાં. સંસ્થા તરફથી મહેશ વણઝારા, નટવર વણઝારા, ચેતન ઠાકોર, મિલિન્દભાઈ, યોગેશભાઈ તથા ભીમજી ગામેતી આ સેવાકાર્યમાં જોડાયા હતા. વૃક્ષારોપણ માટેનાં સાધનો પણ તેઓ સાથે જ લઈને ગયા હતા અને બાળકો સાથે રહીને તેમણે વૃક્ષારોપણ માટે અમોલો સહયોગ પૂરો પાડ્યો હતો.

# રવિશંકર રાવલ કલા ભવન ખાતે રાજ્યકલા પ્રદર્શનનો પ્રારંભ કરાયો



ગાંધીનગર, તા. ૨

રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા પ્રતિ વર્ષની માફક રાજ્યકલા પ્રદર્શનનો અમદાવાદ ખાતે આરંભ કરવામાં આવ્યો છે.

રવિશંકર રાવલ કલાભવન, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે મંગળવારે સાંજે ૬ કલાકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે આ કલા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય રાકેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવા માટેનો સમારોહ ભાઈકાકા હૉલ, લૉ ગાર્ડન ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિવિશેષ પદે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ વી પી પટેલ (આઈએએસ) ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં ૬૩૯ કલાકારોએ ૯૪૪ કૃતિઓ, કલા સંસ્થાના વિદ્યાર્થીઓની શ્રેણીમાં ૨૫૦ વિદ્યાર્થીઓએ ૩૬૪ કલાકૃતિઓ અને ૩૦૭ શાળાઓએ ૮૮૩ ચિત્રો રજૂ કર્યાં હતાં. જે પૈકી કલાકાર શ્રેણીમાં ૨૨ ઈનામ, કલા સંસ્થાના વિદ્યાર્થીઓની શ્રેણીમાં ૧૬ ઈનામ તથા શાળાનાં બાળકો (ધોરણ૧થી ૫, ૧થી ૧૦)માં ૪૫ ઈનામો મળી કુલ ૮૩ ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આવેલી એન્ટ્રીઝ પૈકી વિજેતા અને પસંદગી પામેલી કલાકૃતિઓનું પ્રદર્શન રવિશંકર રાવલ કલાભવન ખાતે યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા. ૬ ઑગષ્ટ સુધી દરરોજ બપોરે ૧૨થી સાંજે ૭ વાગ્યા દરમિયાન નિહાળી શકાશે, એમ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સચિવ બી જે દેસાઈ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



તામિલનાડુમાં વસતા મૂળ સૌરાષ્ટ્રવાસી સમુદાયનું પ્રતિનિધિ મંડળ 'વિરાટ સૌરાષ્ટ્ર સંગમ' કાર્યક્રમ હેતુ રામેશ્વરમ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મળ્યું હતું. આ પ્રતિનિધિ મંડળમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કમલેશ જોષીપુરા અને અન્ય અગ્રણીઓ સામેલ થયા હતા.

# લીંબોદરા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તાલુકા એથ્લેટિક્સમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨

રૂપાલ હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં ગાંધીનગર તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ એથ્લેટિક્સ સ્પર્ધામાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ રમતોમાં ઈનામો પ્રાપ્ત કર્યા હતાં

શાળાના વિદ્યાર્થી વિરલ ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ લાંબીકૂદમાં, દિશા મનોજસિંહ બિહોલાએ ગોળાફેંકમાં, પ્રિયંકા વાઘેલાએ જલદ્રલચાલમાં અને જયરાજ વાઘેલાએ ૮૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો

હાઈસ્કૂલના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે આ વિદ્યાર્થીઓને તાલીમ પૂરી પાડી હતી. આચાર્ય તેજસિંહ પરમારે શાળા પરિવાર વતી આ સૌ વિજેતા ખેલાડીઓને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં ગુજરાતી સુલેખન અને મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય, જીઈબી કૉલોની ખાતે સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે મહેંદી સ્પર્ધા અને સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતી સુલેખન સ્પર્ધામાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધોરણ-૩માં માહિન એચ સુતરિયા, ધોરણ-૪માં તન્વી એમ પ્રજાપતિ, ધોરણ-૫માં ફૈઝાન એસ મનસુરી, ધોરણ-૬માં આશિષ વી ડામોર, ધોરણ-૭માં વિવેક સોલંકી, ધોરણ-૮માં મુસ્કાન એમ શેખ વિજેતા બન્યા હતા.

મહેંદી સ્પર્ધામાં ૨૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે તમન્ના એમ શેખ, બીજા ક્રમે માનસી જે પ્રજાપતિ, ત્રીજા ક્રમે મુસ્કાન એમ શેખ, ચોથા ક્રમે તમન્ના એચ શેખ અને પાંચમા ક્રમે કિંજલ એ વાઘેલા વિજેતા બન્યાં હતાં.

મહેંદી સ્પર્ધાનું આયોજન કિંજલબેન વાઘેલા અને સુલેખન સ્પર્ધાનું આયોજન મિત્તલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ધારિણીબેન, શ્વેતાબેન અને કલ્પનાબેને પોતાની સેવાઓ આપી હતી. વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય જયંતીભાઈ વી પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

> જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
> - સંપાદક


# સંબંધોની ભૂખ : ભૂખ્યો માણસ જ બીજા માણસની ભૂખને સમજી શકે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

એક સજ્જન. સંયુક્ત કુટુંબમાં ત્રણ દીકરા, બે દીકરી, નાનો ભાઈ, ભાઈની પત્ની, પુત્રવધૂ અને માતા. નાના એવા એક નગરમાં વેપારની વારસાગત પેઢી ચલાવે. ખાધે-પીધે સુખી કુટુંબ. કુટુંબમાં પણ સુખ-શાંતિ. નગરમાં અને આસપાસના પચાસેક ગામોમાં પણ એ સજ્જન અને તેની પેઢીની ખૂબ જ સારી આબરૂ. વેપાર અને વ્યવહાર બંનેમાં પ્રમાણિક. એ સજ્જનના સગા-સંબંધીઓ પણ આસપાસના સોએક કિલોમીટરના વિસ્તારમાં જ રહે. પ્રસંગોપાત એ કુટુંબના સગા, સ્નેહીઓ, સંબંધીઓ એ નગરની મુલાકાતે આવે અને એ સજ્જનને અનાયાસે પણ મળી જાય, તો એ સજ્જન અચૂક રીતે, ખૂબ જ આગ્રહ કરીને, પોતાને એ સંબંધીઓને ઘેર લઈ આવે અને સમયાનુસાર એ મહેમાનની આગતા-સ્વાગતા કરે. ભોજનનો સમય હોય તો ભોજન કરાવીને જ મહેમાનને વળાવે. સંજોગો પ્રમાણે મહેમાનને રાત્રીરોકાણ માટે પણ આગ્રહ કરે.

એ નગરના આસપાસના ગામડાઓમાથી વેપારીઓ અને ખેડૂતો હટાણું (ખરીદી) કરવા માટે આવે તો જેની સાથે નિકટના વ્યાપારી સંબંધો હોય એવા વેપારીઓ અને ખેડૂતો સાથે પણ એ સજ્જનનો એવો જ વ્યવહાર.

વેપારીઓ અને ખેડૂતો સાથેના એવા વ્યવહારમાં ક્યાય વ્યાપારિક કે નફા-તોટાની કોઈ જ પ્રકારની ગણતરી નહીં, ગણતરી હોય તો માત્ર અને માત્ર સંબંધની. એ સજ્જનના કુટુંબના બધા જ સભ્યોના વર્તન, વાણી અને વ્યવહાર પણ એ સજ્જન જેવા જ. ઘેર કોઈ મહેમાન આવે એટલે કુટુંબના બધા જ સભ્યો મહેમાનની યથાશક્તિ આગતા-સ્વાગતમાં હૃદયથી જોડાઈ જાય. કુટુંબના બધા જ સભ્યો મહેમાનને કોઈ પણ રીતે, કઈ જ ઓછું ના લાગે તેની પૂરતી કાળજી રાખે. એ સજ્જન અને તેના કુટુંબીજનોની આ પ્રકારના સંબંધોની રખાવટ અને આતિથ્યભાવનાને કારણે એ પૂરા વિસ્તારમાં એ સજ્જન અને તેના કુટુંબની ''સંબંધ ભૂખ્યા'' ની વિરલ છાપ પડી ગઈ. એ કુટુંબ પ્રમાણિકતાને કારણે વેપાર-ધંધામાં ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહ્યું અને ''સંબંધ ભૂખ્યા'' છાપ પણ કાયમ જાળવી રાખી.



જીવન-મૃત્યુના તમામ કિસ્સાઓ સીધી કે આડકતરી રીતે ભૂખ સાથે જ સંકળાયેલા હોય છે. એ ભૂખ પેટની હોય, એ ભૂખ સત્તાની હોય, એ ભૂખ સંપતિની હોય, એ ભૂખ નામ અને શાનની હોય, એ ભૂખ પ્રશંશાની હોય, એ ભૂખ સર્જનની હોય કે એ ભૂખ સંબંધોની હોય. આ પ્રકારની ભૂખ થકી જ વ્યક્તિ જીવતી હોય છે અને ક્યારેક એ ભૂખ થકી જ વ્યક્તિ મરતી પણ હોય છે.

ફિલ્મી કટારલેખક જયપ્રકાશ ચૌકસે ભૂખ વિષે લખે છે કે 'માણસને ભૂખ ના લાગવી એ એક ભયાનક સંકેત છે.' ભૂખ કોઈ પણ પ્રકારની હોય પણ એ ભૂખ જ વ્યક્તિને જીવવા માટે પ્રેરણા આપે છે, એ ભૂખ જ વ્યક્તિને કઠોર પરિશ્રમ કરવા માટેનું મનોબળ પૂરું પડે છે, ભૂખ વિના વ્યક્તિ જડ બની જાય છે, ભૂખ ના હોય તો વ્યક્તિ એક અચેતન શરીર સિવાય બીજું કઈ જ ના હોય શકે. એ ભૂખ એક જિજીવિષા છે જેને સંતોષવા માટે જ વ્યક્તિ હંમેશા ચેતનવંતી રહે છે.

મહાભારત યુધ્ધના પહેલા દિવસે, યુધ્ધ શરૂ થાય એ પહેલા જ અર્જુન ઘોર વિષાદમાં સરી પડે છે તેનું કારણ આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. અર્જુને પોતાની સામેની કૌરવસેનામાં પોતાના અનેક સ્નેહીઓ, સંબંધીઓ, ગુરૂજનો, કુટુંબીજનો અને આપ્તજનોને નિહાળીને પોતાનું ગાંડીવ હેઠું મૂકી દીધું હતું. અર્જુનને પોતાના સ્નેહીઓ, સંબંધીઓ, ગુરૂજનો, કુટુંબીજનો અને આપ્તજનો સામે આ યુધ્ધ લડી નહીં શકે એવો પોતાને સંદેહ થયો કારણ કે અર્જુન સંબંધીઓ અને સંબંધોના ભૂખ્યા હતા. પાંડવસેનામાં પાંડવ બંધુઓ સહિત અનેક યોધ્ધાઓ હતા તેમાથી માત્ર અર્જુનને જ પોતાના સંબંધીઓ સામે લડવા માટે વિષાદ થયો. કદાચ, અર્જુનની સંબંધોની ભૂખ વધારે ઉતેજીત હતી, ચરમસીમાએ હતી.

શ્રીકૃષ્ણ પણ સંબંધોના ભૂખ્યા હતા એટલે જ કદાચ તેઓ અર્જુનની ભૂખને સમજી શક્યા અને અર્જુનના વિષાદનું સમાધાન કરવા માટે ગીતાબોધ આપ્યો. એમ જ એક સંબંધ ભૂખી વ્યક્તિ બીજી સમબન્ધભુખી વ્યક્તિની લાગણી સમજી શકે. કૃષ્ણ પણ સંબંધોના ભૂખ્યા હતા એટલેજ કદાચ પોતાના બચપણથી લઈને મૃત્યુ પર્યંત પોતાના સગા-વહાલા, અનુજો, મિત્રો અને આપ્તજનો માટે જ જીવનભર ઝઝૂમતા રહ્યા. સંબંધો ખાતર મેણાં-ટોણાં ખમતા રહ્યા. સંબંધોને સાચવવા માટે ક્યારેક તો પોતાના રાજ્ય અને કુટુંબની પરવા કર્યા વિના સમગ્ર ભારત વર્ષનું ભ્રમણ કરતાં રહ્યા. સંબંધો ખાતર ક્યારેક પોતાના સિધ્ધાંતોમાં પણ બાંધછોડ કરી. સંબંધો ખાતર પોતે કેટલાક શાપનો પણ સહર્ષ સ્વીકારી લીધો. એક ભૂખ્યો માણસ જ બીજા ભૂખ્યા માણસની ભૂખને સારી રીતે સમજી શકે.

વ્યક્તિની સંબંધોની ભૂખ એવી હોય છે જે લગભગ ક્યારેય સંતોષી શકાતી નથી. અર્થશાસ્ત્રનો ઘટતા જતાં તૃષ્ટીગુણનો સિધ્ધાંત કદાચ સંબંધોની ભૂખને લાગુ ના પડી શકે કારણ કે એ ભૂખ જેમ જેમ સંતોષાતી જાય એમ વધુ ને વધુ પ્રબળ બનતી જાય છે. સંબંધોની ભૂખ અંતહીન હોય છે.

વ્યક્તિને જે સંબંધોમાં વધારે નિકટતા દેખાય, જે સંબંધોમાં વધારે સલામતી દેખાય જે સંબંધોમાં વધારે પ્રેમ, સ્નેહ અને હુફ મળશે એવું લાગે છે એ સંબંધો તરફ વ્યક્તિ વધારે આકર્ષાય છે અને એવા સંબંધો માટે વ્યક્તિ ક્યારેક ખુવાર પણ થઈ જવાની તૈયારી રાખતી હોય છે. સંબંધોની ભૂખી વ્યક્તિ માટે સંબંધોની કોઈ સીમા નથી હોતી, કોઈ ક્ષિતિજ નથી હોતી.

(ક્રમશઃ)